# ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી બોટાદ માટે કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી, બોટાદ ખાતે એન.એચ.એમ. અંતર્ગત ૧૧ માસના કરારના ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવા તથા તેની ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે સદરહુ જાહેરાત આપવામાં આવે છે. ઉક્ત જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ અરજી આરોગ્ય સાથી સોફ્ટવેરની લિંક **https://arogyasathi.gujarat.gov.in** પર તા-૨૯/૦૭/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી તા-૦૪/૦૮/૨૦૨૪ નાં રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી (દિન-૭ માં) ઓનલાઈન અરજી કરવાની રહેશે. દર્શાવેલ ખાલી જગ્યા માટેની જરૂરી લાયકાત અંગેની સ્પસ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | માસિક પગાર |
|---|---|---|---|
| ૧ | ફીમેલ હેલ્થ વર્કર (NHM) જગ્યા-૧૩ | ૧)સરકાર માન્ય એફ.એચ.ડબલ્યુ બેઝીક ટ્રેનિંગ કોર્ષ /એ.એન.એમ.નો કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>૨)ગુજરાત નર્સિંગ કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ.<br>૩)કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવું જરૂરી.<br>૧૮ વર્ષથી ઓછી તેમજ ૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. | ૧૫,૦૦૦/- |
| ૨ | ફાર્માસિસ્ટ (NHM) જગ્યા-૧ | ૧)માન્ય યુનીવર્સીટીમાંથી ફાર્મસીની ડીગ્રી અથવા ડીપ્લોમાં ફાર્મસીનો કોર્સ કરેલ હોવો જોઈએ<br>૨)ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ. ૩) કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવું જરૂરી. ૪) હોસ્પિટલ/ ડીસપેન્સરીમાં દવાનું વિતરણનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.<br>૫૮ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. | ૧૬,૦૦૦/- |
| ૩ | ફાર્માસિસ્ટ (RBSK) જગ્યા-૧ | ૧)માન્ય યુનીવર્સીટીમાંથી ફાર્મસીની ડીગ્રી અથવા ડીપ્લોમાં ફાર્મસીનો કોર્સ કરેલ હોવો જોઈએ<br>૨)ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ. ૩) કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવું જરૂરી.<br>૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. | ૧૬,૦૦૦/- |
| ૪ | સ્ટાફનર્સ (NHM/CMTC) જગ્યા-૬ | ૧)બી.એસ.સી.(નર્સિંગ) અથવા ગુજરાત નર્સિંગ ડીપ્લોમાં ઈન જનરલ નર્સિંગ મીડવાઈફરીનો કોર્ષ ઈન્ડિયન નર્સિંગ/ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવો જોઈએ<br>૨)ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઈએ.<br>૩) કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવું જરૂરી.<br>૪) ગુજરાતી અને હિન્દી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.<br>૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. | ૨૦,૦૦૦/- |
| ૫ | આયુષ તબીબ આર.બી.એસ.કે .ફીમેલ જગ્યા-૨ | માન્ય યુનિવર્સિટીમાંથી B.A.M.S./B.H.M.S.ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. ગુજરાત આયુર્વેદિક/હોમિયોપેથીક કાઉન્સિલ બોર્ડ માન્ય રજીસ્ટ્રેશન કરાવેલુ હોવું જોઈએ. **(ફક્ત મહિલા ઉમેદવારે જ અરજી કરવી.)**<br>૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ | ૩૧,૦૦૦/- |
| ૬ | એકાઉન્ટન્ટ કમ ડેટા આસિસ્ટન્ટ જગ્યા-૧ (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ) | ૧)માન્ય યુનિવર્સિટીમાંથી કોમર્સમાં સ્નાતક સાથે ડીપ્લોમાં/ સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન.<br>૨)કોમ્પ્યુટર સોફ્ટવેરનું જ્ઞાન (એકાઉન્ટીંગ સોફ્ટવેર-Tally, એમ.એસ.ઓફીસ, GIS) અને હાર્ડવેરની જાણકારી હોવી જરૂરી.<br>૩)બેઝીક ઓફીસ મેનેજમેન્ટ અને ફાઈલિંગ સીસ્ટમની જાણકારી તથા અંગ્રેજી,ગુજરાતી ભાષામાં કોમ્પ્યુટર ટાઈપીંગ અને ડેટા એન્ટ્રીની આવડત જરૂરી.<br>૩) ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જરૂરી. | ૨૦,૦૦૦/- |
| ૭ | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર જગ્યા-૮ | BAMS/GNM/B.Sc નર્સિંગની સાથે SIHFW વડોદરા તથા IIPH ગાંધીનગર દ્વારા CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. અથવા ભારત સરકાર દ્વારા CCCH નો કોર્સ B.Sc નર્સિંગ તથા પોસ્ટ બેઝીક B.Sc નર્સિંગ નાં કોર્સમાં જુલાઈ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય જુલાઈ-૨૦૨૦ કે ત્યાર બાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સિંગ પાસ થયેલ ઉમેદવારો. | ૩૦,૦૦૦/- અને મહતમ ૧૦,૦૦૦/- પરફોર્મન્સ બેઝ ઈન્સેન્ટીવ |

**ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સૂચનાઓ**

- ઉમેદવારની ફક્ત ઓનલાઈન **https://arogyasathi.gujarat.gov.in** પર કરેલ અરજી જ સ્વીકારવામાં આવશે.તથા સાદી ટપાલ/ કુરિયર/ રૂબરૂ/સ્પીડપોસ્ટ/ આર.પી.એ.ડી.થી આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.
- સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરિજનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જો અસ્પષ્ટ, ન વંચાય તેવા ડોક્યુમેન્ટ અપલોડ કરેલા હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.
- અધુરી વિગતો વાળી અરજીઓ અમાન્ય રહેશે.
- ક્રમ નંબર-૬ ની જગ્યા માટેનાં ઉમેદવારોની કોમ્પ્યુટરની પ્રેક્ટીકલ પરીક્ષા આપવાની રહેશે.
- ઉક્ત તમામ જગ્યાઓ માટેનો પત્ર વ્યવહાર અત્રેની કચેરી દ્વારા ફક્ત ઈ-મેઈલ દ્વારા જ કરવામાં આવશે જેથી તમામ ઉમેદવારોએ **ઈ-મેઈલ આઈ-ડી** ખાસ કરીને હાલ કાર્યરત હોય તે જ નાખવાનું રહેશે.
- નિમણુકને લગત જેવા કે જગ્યામાં વધારો કે ઘટાડો કરવો કે ભરતી પ્રક્રિયા રદ કરવી તેનો તમામ આખરી નિર્ણય મિશન ડાયરેક્ટર અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી બોટાદનો રહેશે.

સહી
મિશન ડાયરેક્ટર
અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
બોટાદ

Chief District Health Officer,
Health, District Panchayat
Botad.